સમસ્ત ખરક જ્ઞાતિનું ઈ-માસિક પત્ર

# ખરક સમાજ દર્પણ

તંત્રી : આનંદ સેતા

કાર્યાલય : ૩૭, મહાલક્ષ્મી, વી.ટી.નગર, મહુવા - ૩૬૪ ૨૯૦.
E-mail : kharaksamajdarpan@gmail.com / Mo. 99254 87956

વર્ષ : ૩ | અંક : ૧ | જુલાઇ - ૨૦૨૫ | પેઇજ : ૧૦

## તંત્રી સ્થાનેથી



વિશ્વાસ (Believe) અને વિશ્વાસ (Trust) વચ્ચેનો તફાવત : એક વાર બે બહુમજલી ઇમારતોની વચ્ચે બાંધેલા દોરડા પર લાંબો વાંસ પકડી એક નટ ચાલી રહ્યો હતો. તેણે પોતાના ખંભા પર પોતાના બેટાને બેસાડી રાખ્યો હતો. સેંકડો-હજારો લોકો શ્વાસ રોકીને જોઈ રહ્યા હતા.

હળવા પગલાથી, તેજ હવાથી ઝઝૂમતો નટ પોતાની અને પોતાની દિકરાની જિંદગી દાવ પર લગાવીને તે કલાકારે અંતર પૂરું કરી લીધું. ભીડ આહ્લાદથી ઉછળી પડી. તાલીઓના ગડગડાટ સાથે સીટીઓ વાગવા લાગી. લોકો તે કલાકારના ફોટો ખેંચી રહ્યા હતા. તેની સાથે સેલ્ફી લઈ રહ્યા હતા. તેનાથી હાથ મિલાવી રહ્યાં હતા અને તે કલાકાર માઇક પર આવ્યો, ભીડને બોલ્યો, શું આપને વિશ્વાસ છે કે આ હું ફરીથી પણ કરી શકુ છું. ભીડ એકી અવાજે બોલી, હાં પૂરો વિશ્વાસ છે. અમે તો શરત પણ લગાવી શકીએ છીએ કે તમે સફળતાપૂર્વક તે ફરીથી પણ કરી શકો છો. કલાકાર બોલ્યો, પૂરે-પૂરો વિશ્વાસ છે ને? ભીડ બોલી, હાં-હાં પૂરો વિશ્વાસ છે. કલાકાર બોલ્યો, ઠીક છે, કોઈ મને પોતાનો દિકરો દઈ દો. હું તેને મારા ખંભા પર બેસાડીને દોરડા પર ચાલીશ.

ખામોશી, એકદમ શાંતિ, સન્નાટો ફેલાઈ ગયો! કલાકાર બોલ્યો. કરી ગયા...!

હમણા તો આપને વિશ્વાસ હતો કે હુ કરી શકુ છુ, અસલમાં આપનો આ વિશ્વાસ (Believe) છે, મારામાં વિશ્વાસ (Trust) નથી! બન્ને વિશ્વાસોમાં ફરક છે સાહેબ...!

આજ કહેવાનું છે. ઇશ્વર છે, એ તો વિશ્વાસ (Believe) છે, પરંતુ ઈશ્વરમાં સંપૂર્ણ વિશ્વાસ (Trust) નથી !!!

You believe in God but you don't trust him.

જો ઇશ્વરમાં પૂર્ણ વિશ્વાસ છે તો ચિંતા, ક્રોધ, તણાવ કેમ !!! હંમેશા એક જ યાદ રાખવાનું ઈશ્વર હંમેશા મારી સાથે છે અને આ જ વિશ્વાસ છેલ્લા શ્વાસ સુધી હોવો જોઈએ. God is always with me.

જરા વિચાર કરો ! અને જીવનના દોરડા પર ચાલો...

**આનંદ સેતા**
(તંત્રીશ્રી, ખરક સમાજ દર્પણ)

## મહુવા : ૧૭ માં ઇનામ વિતરણ કાર્યક્રમનું આયોજન

મહુવા ખાતે વિદ્યાર્થીવર્ધક સમિતિ દ્વારા સમસ્ત ખરક જ્ઞાતિનો ૧૭ મો ઇનામ વિતરણ કાર્યક્રમ ધો.૧ થી ૯ ના (મહુવા પ્રોપર) તેમજ ધો.૧૦/૧૧/૧૨ ના (જ્ઞાતિ) ના જે વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૨૪-૨૫ માર્ચ-એપ્રિલમાં પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓ માટે આગામી દિવાળી વેકેશન દરમિયાન ઇનામ વિતરણ સમારોહ યોજનારા હોય તો જે-તે વિદ્યાર્થીઓએ પોતાના પરીણામની પ્રમાણિત નકલ પોતાના સરનામા, મો.નં. સાથે તા.૩૧/૭/૨૦૨૫ સુધીમાં ગાંધી બાગ રોડ, રાધેશ્યામ મંદિર સામે, મહુવા ખાતે (હિંમતભાઈ સોલંકી) ૯૪૨૯૨૩૧૭૧૧ ને પહોંચતી કરવા જણાવેલ છે. વધુ માહિતી માટે મો.૯૪૨૯૨૩૧૭૧૧ (રમેશ એન. વાળાકી), મો.૯૪૨૬૨૩૨૦૧૯ (મુનેશ જે. કાપડીયા) નો સંપર્ક કરવા જણાવવેલ છે તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં જોડાવા માંગતા વિદ્યાર્થી તેમજ જ્ઞાતિબંધુઓ વહેલાસર મો.૯૧૦૬૬૩૨૪૧૬ (શૈલેષભાઈ ખીમાણી) ને જાણ કરવા જણાવેલ છે.

## કરલો દુનિયા મુઠ્ઠીમેં
(વિદેશ વસતા જ્ઞાતિબંધુઓ)



નામ : સેંતા ધર્મેશ શીબાભાઇ
પિતા : સેંતા શીબાભાઇ નારણભાઇ
વતન : જસપરા. તા. તળાજા. જિ. ભાવનગર.
દેશ : કતાર
ક્યારથી : માર્ચ ૨૦૨૨ થી (૩ વર્ષ બહેરીન)
રહેઠાણ : ઇઝદાન વિલેજ-૩ ઘર નં. R 8 A
અલવુ કેર, કતાર
અભ્યાસ : B.E. (મિકેનિકલ)
હોદ્દો : મિકેનિકલ સુપરવાઇઝર
કંપની : QATARENERGY
પરિવાર : પત્નિ : અસ્મિતાબેન (લીલીવાવ)
પુત્રી : સ્વરા (૧૩) માહી (૧૦) પુત્ર : હિયાન (૨)
સંપર્ક : ૯૭૪ ૫૦૬૦૨૩૨૫ (વોટ્સએપ) કતાર
૯૧ ૯૭૩૭૮૪૮૨૭૨

## લીલીવાવ : મહિલા સરપંચ કૈલાસબેન ભોળાણી



લીલીવાવ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં બીન હરીફ સરપંચની પસંદગી પામતા ભોળાણી કૈલાસ બેન હરેશભાઈ ખાટાભાઈ એ મહિલા સશક્તિકરણનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. તે ઝાંઝમેરના કાપડિયા વિઠ્ઠલભાઈ પ્રેમજીભાઈની દીકરી છે.તેમના પતિ હરેશભાઈ તળાજા તથા મહુવામાં સોમનાથ કાર એસેસરીઝ ની દુકાન ધરાવે છે.

ફોન:9924517103

આ ઉપરાંત લીલીવાવ ગ્રામ પંચાયતમાં બિનહરીફ. સભ્ય તરીકે અસ્મિતાબેન ખુશાલભાઈ ભૂત,ગીતાબેન હરેશભાઈ ભૂત, ભરતભાઈ ભીમજીભાઈ ઢેઢી,કાજલબેન મેહુલભાઈ ભોજાણી તથા વૈશાલીબેન આશિષભાઈ ભૂત પસંદગી પામેલ છે.જે જ્ઞાતિ માટે ગૌરવ લેવા જેવું છે.પૂરી ટીમને ખરક સમાજ દર્પણ અભિનંદન પાઠવે છે.

# ભાવનગરની સૌપ્રથમ અદ્યતન સુવિધાથી સજ્જ...

**શ્રી વિઠ્ઠલભાઈ બી. ખીમાણી**
M.Sc.,M.Ed. (સંચાલકશ્રી)

વિરૂવંદના
લાઈબ્રેરી

- શું આપ ઘરનાં વાતાવરણમાં વાંચી વાંચીને તંગ થઈ ગયા છો?
- શું આપ પંખાની હવા લઈને બોર થઈ ગયા છો?
- શું આપ ઘરે વાંચવામાં સતત ડિસ્ટર્બ થઈ રહ્યા છો?
- તો પછી રાહ શેની જુવો છો?

**24x7 વાંચનની સુવિધા.**

આજેજ ભાવનગર જિલ્લાની એક માત્ર
MSME રજીસ્ટર્ડ અત્યાધુનિક અને પ્રીમિયમ સુવિધાઓ ધરાવતી
**"વિરૂવંદના લાઈબ્રેરીની"**
મુલાકાત લ્યો અને તમારા મુંઝવતા પ્રશ્નોનું
સોલ્યુશન લાવો જયાં તમારી રીડિંગ કેપેસિટીમાં પણ વધારો થશે.

**સ્પર્ધાત્મક પરીક્ષા, GPSC, UPSC, UG/PG NEET, CA, Medical તથા અન્ય પરીક્ષાઓની તૈયારી કરતાં વિદ્યાર્થીઓ માટે સારામાં સારી જગ્યા કે જયાં તમને મળશે :-**

- શાંત વાતાવરણ
- વહિવટ કુશળ અને અનુભવી સંચાલક
- વિન્રમ અને સરળ સ્વભાવનો સ્ટાફગણ

@VIRUVANDANA_LIBRARY_BHAVNAGAR

9427558234, 7990505045

શિવાલીક આઈકોન, ત્રીજો માળ, લીલા સર્કલ પાસે,
કામિનીયાનગરની સામે, સીદસર રોડ, ભાવનગર-૩૬૪ ૦૦૨.

# વિચાર - દર્પણ




મારે સર્વ જ્ઞાતિબંધુઓને એક વિચારવા યોગ્ય વાત કહેવી છે. વર્ષોથી સમાજમાં જ્ઞાતિ વ્યવસ્થાથી સમાજનું પોત બનેલ છે. આપણી જ્ઞાતિ સમાજમાં એક પ્રતિષ્ઠિત, મહેનતું, સંસ્કારી, ઈમાનદાર અને પ્રગતિશીલ જ્ઞાતિ તરીકે પ્રખ્યાત છે તેનું કારણ શું? તેનું કારણ આપણી જ્ઞાતિનીના પરંપરાગત સામાજિક રિવાજો છે. આજની નવી પેઢીના સંતાનોને જમાનાની અસર થઇ છે. અવાર-નવાર પરજ્ઞાતિ, વિધર્મી લગ્નોના બનાવો સાંભળીએ છીએ. જે અંગે મારી સર્વને અપીલ છે કે આપણા સંતાનો વાતચીત કરો, સમય આપો, ધર્મ આપો અને આપણા મૂલ્યોની ચર્ચા કરો. સંતાનો આપણી જ્ઞાતિના જ પાત્રો સાથે જોડાય તે જરૂરી છે. અન્ય જ્ઞાતિના સંસ્કારો આપણાથી જુદા જ રહેવાના જે સરવાળે સંતાન અને મા-બાપ બંનેને દુઃખી જ કરશે. બાળકોને આ વાત સમજાવો કે આધુનિકતાના નામે જ્ઞાતિની ઓળખ ન ગુમાવે અને ખરક સમાજનો મોભો અને મરતબો જાળવી રાખે.

બીજી વાત આપણા જ્ઞાતિના મંડળોને, ટ્રસ્ટોને કહેવી છે. પૂ. ગાંધીજીના સિધ્ધાંત પ્રમાણે લોકો જ્યારે ટ્રસ્ટ કે મંડળ ઉપર વિશ્વાસ રાખી અઢળક દાન આપતાં હોય ત્યારે આ રકમો જે હેતુ માટે મેળવી હોય તે હેતુમાં જ પુરેપુરી વાપરી લોકો સુધી હિસાબ પહોંચાડવો અને ખાસ વાત એ છે કે કોઇ રકમ - ભંડોળ ભેગુ (સંચય) ન કરવો. જો નાણા પડતર હશે તો તેનો વહિવટ લેવા અનેકને ઇચ્છા થશે અને ટ્રસ્ટ કે મંડળમાં બીનજરૂરી દખલગીરી કરશે. પૂ. પાંડુરંગ શાસ્ત્રી પણ કહેતા ફંડ હંમેશા બંડ જગાવે છે. આથી રકમ રાખવા કરતાં હેતુપૂર્ણ કરવા વાપરી નાખવી. રકમ નહીં હોય તો જ્ઞાતિના સેવાભાવી લોકો જ જ્ઞાતિના કામમાં જોડાશે. વાસી ખાવાના બદલે જ્ઞાતિ તો ગંગા છે તે કલ્પવૃક્ષ જેવી છે. માંગો તો આપશે - આથી 'વણ જોતું નવ સંઘરવું' યાદ રાખવું.

- કેશવજીભાઇ દેવજીભાઇ વાયલુ (મોરંગી)

# અભિનંદન



**ભાવનગર :** ઉખરલાના વતની નટવરભાઈ ભગવાનભાઈ કામળિયા તથા આરતીબેન નટવરભાઈ કામળિયાના પુત્ર હરમિત કુમારે તાજેતરમાં અમેરિકાના ચિકાગો શહેરની આઇઆઇટીમાંથી માસ્ટર ઓફ સાયન્સ ઇન ફુડ સેફ્ટી એન્ડ ટેકનોલોજી ની માસ્ટર ડિગ્રી મેળવી. પરિવાર તથા જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે ખરક સમાજ દર્પણ તેમને અભિનંદન પાઠવે છે.

---



**નૈપ :** શ્રી મથુરભાઈ કેશુભાઈ વળીયા તથા વિજુબેન મથુરભાઈ પુત્ર લાલજીભાઈ વળીયા Texas A&M kings ville USA દ્વારા Master of science in Electrical enginieering ની ડિગ્રી મેળવી નૈપ ગામનું તથા ખરક જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. ખરક સમાજ દર્પણ તેમને અભિનંદન પાઠવે છે.

---



**પાદરી :** ગો વાળા **રમેશભાઈ માધાભાઈ કામળિયા** ના બંને પુત્રો એ શિક્ષણ ક્ષેત્રે પોતાનું નામ રોશન કર્યુ છે મોટો પુત્ર નિર્મિત રમેશભાઈ કામળિયા **ધોરણ 12 સાયન્સ માં 99.99** પર્સન્ટેજ લાવી મહુવા કેન્દ્રમાં પ્રથમ આવેલ છે જ્યારે નાનો પુત્ર રવિ રમેશભાઈ કામળીયા આ વર્ષે જ **ધોરણ 10 માં 99.98** પર્સન્ટેજ લાવી મહુવા કેન્દ્રમાં બીજા નંબરે આવેલ છે ધ**ોરણ 12 માં નિર્મિત બાયોલોજીમાં 100 માંથી 100 માર્ક્સ** લાવે છે જ્યારે રવિ ધોરણ 10માં ગણિત અને વિજ્ઞાનમાં 100 માંથી 100 માર્ક લાવી કમાલ કરી છે.ખરેખર એક વાલી તરીકે **રમેશભાઈ કામળીયા** તથા તેના પરિવારને ખુબ ખુબ અભિનંદન આપવા જોઈએ જ્યારે બંને વિદ્યાર્થીઓએ શાળાનું, પરિવાર નું, તથા જ્ઞાતિનું નામ રોશન કરેલ છે ખરક સમાજ દર્પણ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે

# વારસો

## વિસરાતો વારસો : પંગત



વ્યુત્પત્તિ :

સંસ્કૃત શબ્દ 'પંક્તિ' પરથી પડ્યો છે.

અર્થ :

એક સાથે જમવા બેઠેલો આખો સમૂહ; જમણવારમાં સમૂહમાં એક પછી એક બેસે તે ક્રમ; જમવા બેઠેલાઓની હાર.

પંગત એ જમણવારનો એક જૂનો અને જાણીતો પ્રકાર કહી શકાય. પહેલાંના વખતમાં કોઈ સારા-મોળા પ્રસંગે કે ગામ ધૂમાડો બંધ હોય તેવા ટાણે મોટા સમૂહને ભોજન કરાવવા પાછળ આ પ્રકારની રીત અમલમાં આવી હશે. જોકે આવી રીતમાં ઘણા દિવસ પહેલાંથી તૈયારી કરવામાં આવે છે. સમૂહને અનુલક્ષીને જે-તે જગ્યાને સાફ કરવામાં આવે છે. મંડપ બાંધવામાં આવે છે. બેસવા માટે શેતરંજીઓ કે માદરપાટ પાથરવામાં આવે છે. તેના ઉપર વ્યક્તિઓ હારબંધ બેસી જાય જેને પંગત પડી કહેવાય. પીરસનાર ક્રમિક રીતે પીરસતા જાય. ક્યાંય કોઈ થાળીમાં રહી ન જાય તેનું ધ્યાન રખાય. "એ પહેલી પંગતમાં લાડુ પહોંચાડો." "છેલ્લી પંગતમાં દાળ આપજો." જેવી બૂમો પડતી હોય. વળી, કોઈ ધર્મસ્થાનમાં જમણવાર ચાલતો હોય તો 'દાળરામ', 'શાકરામ', 'ભાતરામ' જેવા શબ્દો પણ સાંભળવા મળે. સામે જમનાર પણ રામરામ કરતાં જાય.

આવી રીતમાં સમૂહ ભાવના હતી. એકબીજાને પ્રેમથી જમાડવાની ભાવના હતી. કૌટુંબિક પ્રસંગોમાં ઘરના યજમાન દ્વારા મહેમાનોને પરાણે મીઠાઈ મોંમાં મૂકી તેમના પ્રત્યેનો આદર- પ્રેમ વ્યક્ત કરવામાં આવતો. જમણવારમાં પીરસનારા પણ સગાં-વહાલાં જ હોય. સૌ હોંશથી કામ સંભાળી લે. ધર્મસ્થાનોના જમણવારમાં પણ પીરસનાર સેવા કરવા જાય. હવે તો નાના-મોટા પ્રસંગોએ ક્યાંય પંગત જોવા મળતી નથી. 'બૂફે'ના જમાનામાં આજનાં બાળકોને પંગત શબ્દ સાંભળવા પણ મળતો નથી.

પંગત પરથી પડેલ શબ્દપંગતબહાર = નાતબહાર, જ્ઞાતિથી બહિષ્કાર પામેલ.

એક સરસ કહેવત છે કે;

"પંગતમાં પહેલા, ફોટામાં વચ્ચે અને ટોળામાં છેલ્લે."

-હેતલ મહેતા, મહેસાણા

# મારું ગામ, મારી વાત : ભાદ્રોડ

સંકલન: હરેશ કામળીયા

ઇતિહાસ : ભાગવત મહાપુરાણમાં આજના કતપરનો કુંદનપુર તરીકે અને મહુવાનો મધુમાવતી અને ભાદ્રોડનો ભુજ કટ નગર તરીકે ઉલ્લેખ થયેલ છે. કુંદનપુરના રાજા ભીમકની પુત્રી રૂક્ષ્મણી કુળદેવી ભવાનીના મંદિરે પૂજા કરવા આવે છે ત્યારે શ્રી કૃષ્ણ તેમનું હરણ કરે છે. રૂક્ષ્મણીને પાછી મેળવવા તેનો ભાઈ રુકમૈયો લશ્કર લઈને જાય છે. ભોજકટ માં ભયાનક યુદ્ધ થાય છે. રુકમૈયાના દાઢી મૂછ અડધા કાપી નાખી જીવતો છોડી દેવાય છે.આ યુધ્ધના સ્થળે કુષ્ણ ભગવાન રેતીમાંથી શિવલિંગ બનાવી મંદિર બનાવે છે તે એટલે ભદ્રેશ્વર મંદિર.બાજુમાં પસાર થતી નદી ભાદ્રોડી તે સમયે ભદ્રશીલા તરીકે ઓળખાતી. તેના કિનારે ગંગાજળિયાનું મંદિર પણ આવેલ છે.તે કપોળ સમાજના કુળદેવ છે.ભાદ્રોડ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં આવેલ છે મહુવાથી 6 કિલોમીટર દૂર છે

ભાદ્રોડ મહુવા તાલુકાનું મોટું ગામ છે. ખેતી અને પશુપાલન મુખ્ય વ્યવસાય છે. મગફળી, ઘઉં,બાજરો, કપાસ અને ડુંગળી તેના મુખ્ય પાક છે. આ ગામમાં આપણી જ્ઞાતિના કુલ 67 કુટુંબો આવેલા છે જેમાં 165 પુરુષો અને 144 સ્ત્રીઓ છે ભાદ્રોડ માં રહેતી વસ્તી 309 છે જ્યારે ભાદ્રોડના વતની પરંતુ હાલ બહારગામ રહેનારા કુટુંબ 42 છે જેની સંખ્યા 208 છે. જેઓ અમદાવાદ, સુરત, અંકલેશ્વર, મુંબઈ, ભાવનગર, અને છેક અમેરિકા અને જર્મની સુધી જ્ઞાતિજનો પહોંચ્યા છે.જે ગામનું ગૌરવ છે.


### ભાદ્રોડ વસતા

| કુટુંબ | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|
| સેંતા | ૩૭ | ૩૧ | ૬૮ |
| વાયક | ૪૫ | ૪૧ | ૮૬ |
| વળિયા | ૪૦ | ૩૯ | ૭૯ |
| કામળિયા | ૧૩ | ૧૩ | ૨૬ |
| ભસોટિયા | ૨૧ | ૧૫ | ૩૬ |
| ઠંઠ | ૯ | ૫ | ૧૪ |
| પટેલિયા | | | |
| | ૧૬૫ | ૧૪૪ | ૩૦૯ |

### બહાર ગામ વસતા

| કુટુંબ | ભાઈઓ | બહેનો | કુલ |
|---|---|---|---|
| સેંતા | ૧૮ | ૧૬ | ૩૪ |
| વાયક | ૩૧ | ૨૮ | ૫૯ |
| વળિયા | ૨૫ | ૨૩ | ૪૮ |
| કામળિયા | ૨૩ | ૧૬ | ૩૯ |
| ભસોટિયા | ૫ | ૩ | ૮ |
| ઠંઠ | | | |
| પટેલિયા | ૧૧ | ૧૨ | ૨૩ |
| | ૧૧૩ | ૯૫ | ૨૦૮ |

## સંતોકબા ભવન



જ્ઞાતિની એકતાના કારણે આજે પૂરી સગવડવાળી જ્ઞાતિની વાડી **સંતોકબા ભવન** બની શકી છે. આ વાડીમાં **વાયક પરિવાર** દ્વારા **સંતોકબેન દામજીભાઈ વાયક** ના નામ જોગ રૂપિયા **21 લાખ**નું માતબર દાન મળેલ છે. જ્ઞાતિજનો દર પૂનમે મળે છે અને જ્ઞાતિ વિકાસના કામો કરે છે. સૌ ઉદાર દિલે દાન આપે છે.

## ભાદ્રોડ ખરક પરિવારની યાદી અને પરિચય આપતી પુસ્તિકા




**ખરક સમાજ દર્પણ ગ્રુપ** ભાદ્રોડ દ્વારા ભાદ્રોડ ની તમામ ખરક પરિવારની યાદી અને પરિચય આપતી પુસ્તિકા નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે તાજેતરમાં અપ ડેટ સાથે ત્રીજી આવૃત્તિ ગામના દરેક ઘરે ફ્રીમાં પહોંચાડવામાં આવેલ છે.

આ બુકનો ખર્ચ જાહેરાત દ્વારા મેળવાય છે.આ બુકમાં દરેક ઘરના સભ્યોના નામ,અભ્યાસ, વેવિશાળ ,ઉંમર, વ્યવસાય તથા ફોન નંબર આપવામાં આવે છે. આ સરસ કામ ત્રિપુટી મિત્રો **ભૂપતભાઇ સેંતા, હરેશભાઈ કામળીયા તથા ધીરુભાઈ વાયક** કરે છે. વળી દર વરસે ઇનામ વિતરણ તથા નોટ વિતરણ નું આયોજન પણ તેઓ કરે છે.જે પ્રશંસાને પાત્ર છે.

## ભાદ્રોડ : દસમો ઈનામ વિતરણ સમારોહ

**ખરક સમાજ દર્પણ ગ્રુપ ભાદ્રોડ** દ્વારા દસમો વિદ્યાર્થી ઈનામ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં મુખ્ય મહેમાન તરીકે **ડો. નીલમબેન ફુચા, ડો.પ્રતીક આર.ફૂચા** તથા **ડો. મગનભાઈ એ ભોજાણી** તથા **આનંદભાઈ સેંતા** એ ખાસ હાજરી આપી સમગ્ર કાર્યક્રમનું સંચાલન **હરેશભાઈ કામળીયા ધીરુભાઈ વાયક** તથા **શ્રી ભુપતભાઈ સેંતા** દ્વારા કરવામાં આવ્યુ.

દાતાઓ તરફથી મળેલ દાન દ્વારા તમામ વિદ્યાર્થીઓને ફ્રીમાં નોટબુક તથા ઇનામ અપાયા આ ઉપરાંત **અજયભાઈ વાયક, દિલીપભાઈ વાયક અને કલ્પેશભાઈ વાયક** દ્વારા આઈસ્ક્રીમ આપવામાં આવેલ.

કાર્યક્રમમાં ગામના ભાઇ બહેનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવેલ.




## વિદેશ વસતાં ભાદ્રોડ વાસીઓ



**Shailesh Devjibhai Senta**

**BE in Electrical Engineering** - 2010 to 2014
(Shantilal Shah Government Engineering college - Bhavnagar, India)
**Msc** in Laser and Photonics - 2015 to 2018
(RUB - Ruhr Universität Bochum,From Bochum, Germany)
**Job :** Huawei Technology, Munich



**Disha Jerambhai Rathod**

MS in Computer Engineering.
Year 2018. From Drexel University Philadelphia.
**Job :** Opex Corporation,
Moorestown NewJercy.

# કેરિયર કોર્નર



આપણી જ્ઞાતિમાં દર વર્ષે 40 થી 50 વિદ્યાર્થીઓ MBBS માં એડમિશન મેળવે છે, આ સિવાય BAMS અને BHMS માં એડમિશન લેનારાની સંખ્યા એનાથી પણ વધારે હોય છે, તબીબી શિક્ષણ ક્ષેત્રે આપણી જ્ઞાતિએ હરણફાળ ભરી છે. સમગ્ર જ્ઞાતિ ને આ માટે અભિનંદન.

પરંતુ શિક્ષણ ક્ષેત્રે એક ક્ષેત્ર એવું છે જ્યાં આપણી જ્ઞાતિમાં શૂન્યવકાશ સર્જાયેલો છે, આ શૂન્યવકાશને પુરવાની જરૂર છે. આપણી જ્ઞાતિમાં ગુજરાત સરકારમાં ક્લાસ 2 ઓફિસરો ધીમે ધીમે વધી રહ્યા છે, પ્રમોશન લઈને ક્લાસ 1 પણ બની ચૂક્યા છે, આ ઉપરાંત બેન્ક, રેલવે, lic માં પણ આપણી જ્ઞાતિના ઓફિસરો ગણ્યા ગાંઠયા છે, પરંતુ કેન્દ્ર સરકારની એલિટ ગણાતી અખિલ ભારતીય સેવાઓ જેવી કે IAS/IPS/IFS જેવી UPSC ની પરીક્ષા પાસ કરીને ડીએસપી, કલેક્ટર જેવી સુપર ક્લાસ વન પોસ્ટમાં હજી સુધી જ્ઞાતિનો એક પણ વ્યક્તિ નથી, તે એક ચિંતાની સાથે ચિંતનની બાબત પણ છે. આ શૂન્યવકાશ ભરવા માટે કેટલાક પગલાં લેવા જરૂરી છે.

IAS/IPS જેવી પરીક્ષામાં સફળ થવા માટે બાળકને પ્રાથમિક ના ધોરણથી જ આ અંગેનું બીજ તેના મનમાં વાવવું જોઈએ, ધોરણ 6 માં લેવાતી નવોદય અને સૈનિક સ્કૂલ જેવી કેન્દ્ર સરકારની પરીક્ષાની તૈયારીઓ કરાવવી જોઈએ અને ત્યારથી જ ધીમે ધીમે આ પરીક્ષા તરફની ગતિ શરૂ કરવી જોઈએ. જો પહેલેથી જ નક્કી કરી લીધું હોય કે આઈએએસ કે આઈપીએસ બનવું છે તો ધોરણ નવ થી જ તેની સારી તૈયારી શરૂ કરી દેવી જોઈએ. NCERT ના ધોરણ 6 થી 10 ના પુસ્તકો ભણતા ભણતા સતત રિવાઇઝ કરવા જોઈએ. ધોરણ 10 માં ભલે ટકા ઓછા આવે કારણ કે આપણે આ તૈયારી જ શરૂ રાખવાની છે અને ધોરણ 11 માં શક્ય હોય તો ગ્રુપ એ માં એડમિશન લેવું અથવા સાયન્સ ન રાખીને આર્ટસમાં એડમિશન લેવું જોઈએ. ત્યારબાદ ધોરણ 11 થી આ તૈયારી ને પૂરતો વેગ આપવો જોઈએ. ધોરણ 12 પછી આર્ટસમાં ગ્રેજ્યુએશન કરવું અથવા એન્જિનિયરિંગ કરી શકાય (જેમને બીજી નોકરીનો ઓપ્શન રાખવો હોય એના માટે) પરંતુ ગ્રેજ્યુએશનના ત્રણ વર્ષ (હવે ચાર વર્ષ) માત્ર આ જ તૈયારી પાછળ ગંભીરતાથી સખત મહેનત કરવી જોઈએ અને કોલેજ લેવલે માત્ર પાસિંગ માર્ક્સ લઈ આવવા. જો આર્ટસ રાખ્યું હોય તો મોટાભાગે સરખા વિષય પસંદ કરવા જેથી યુપીએસસીના મેઈન પરીક્ષામાં આવતા વિષયો સાથે ખુબ સરળતા રહે. અત્યારનો સૌથી મોટો પ્રોબ્લેમ જે બધાને નડે છે એ એ છે કે આર્ટસ વાળા નું એપટીટ્યુડ (ગણિત રિઝનિંગ) નબળું હોય છે અને સાયન્સ વાળા નું જનરલ નોલેજ નબળું રહે છે. આ બેયના સોલ્યુશન માટે જ ધોરણ સાત આઠ થી જ પરીક્ષા ની તૈયારી કરવી જોઈએ. ધોરણ 11 થી ગ્રેજ્યુએશન સુધીના પાંચ થી છ વર્ષો જો ખૂબ જ સિરિયસલી આ પરીક્ષાની તૈયારી કરવામાં આવે તો આપણે ખૂબ જ યંગ એજમાં એટલે કે 22, 23 વર્ષે આપણે IAS /IPS બની શકીશું.

ઉપરની જે બાબત મેં લખી છે એનું અનુસરણ કરવું ખરેખર મુશ્કેલ છે એટલે જ આઇએએસ/IPS બનવું મુશ્કેલ છે. જો આ વાંચીને આપણા સમાજના માત્ર એક ટકા લોકોમાં આ અંગે જાગૃતતા આવશે તો ચોક્કસ આવનારા સમયમાં આપણે જ્ઞાતિને પ્રથમ કલેક્ટર કે પ્રથમ એસપી આપી શકીશું.

લિ.

**વિપુલ વેલજીભાઈ સેતા**
વિકાસ અધિકારી, LIC અને
માર્ગદર્શક રોજગાર ન્યુઝ કેરિયર એકેડમી (2005)
ભાવનગર M 9427783903

# નવી નિમણુંક



**ભૂંભલી : ઉર્મિલાબેન વશરામભાઈ સોલંકી** એ ગૌણ સેવા મંડળ દ્વારા લેવાયેલ **સિનિયર. ક્લાર્ક**ની (વર્ગ 3) પરીક્ષા પાસ કરી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તબીબી શિક્ષણ અને સંશોધન ડિપાર્ટમેન્ટ માં નિમણુંક મેળવી છે. મો.9428492025



**દાઠા** : ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના દાઠા ગામના વતની **શ્રી વિવેકભાઈ ધીરુભાઈ કાગડા** એ તાજેતરમાં લેવાયેલી A M C અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની **જુનિયર ક્લાર્ક વર્ગ 3 (હેલ્થ ડિપાર્ટમેન્ટ)** ની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી અમદાવાદ ખાતે હેલ્થ ડિપાર્ટમેન્ટમાં નિમણૂક મેળવેલ છે .ખરક સમાજ દર્પણ અભિનંદન પાઠવે છે



**મહુવા : નિલેશભાઈ પરશોત્તમભાઈ ભૂત** ની પીથલપુર (P G V C L) મુકામે **જુનિયર એન્જિનિયર (JE વર્ગ 2)** તરીકે નિમણૂક પામેલ છે .ખરક સમાજ દર્પણ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.



**ઠળિયા : કોરડીયા શૈલેષભાઈ મનસુખભાઈ** એ તાજેતરમાં ગુજરાત પાણી **પુરવઠા વર્ગ 2** ની પરીક્ષા પાસ કરી પાટણ જિલ્લાના રાધનપુરમાં નિમણુંક મેળવી. ખરક સમાજ દર્પણ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.



**ઠળિયા :** ભાવનગર જિલ્લા ના બેસ્ટ શાળા સંચાલક તરીકેનું સન્માન **ટાઢા ભરતભાઈ મઘાભાઈ ઠળિયા** ને પ્રાપ્ત થયેલ જેઓએ ખરક સમાજ અને ઠળિયાનું ગૌરવ વધારેલ છે

# સમાચાર દર્પણ

## સમસ્ત ખરક જ્ઞાતિ પરિવાર પરિચય : સુરત



**શ્રી ખરક જ્ઞાતિ કેળવણી મંડળ સુરત** દ્વારા પ્રકાશિત સમસ્ત **ખરક જ્ઞાતિ પરિવાર પરિચય :** સુરત પુસ્તક સુરતના તમામ જ્ઞાતિ મિત્રોના પરિવારની પુરી વિગત આપવામાં આવી છે જેમાં **1276 ઘરના 6155 વ્યક્તિઓ**ની વિગતનો સમાવેશ થાય છે. યુવા મિત્રોએ સતત મહેનત કરી ખૂબ જ ટૂંકા ગાળામાં કામ પૂર્ણ કરી ઘરે ઘરે આ બુક **નિ:શુલ્ક** પહોંચાડી છે. આ એક ગૌરવપૂર્ણ ઘટના છે. બુકના ખર્ચને પહોંચી વળવા જાહેરાત આપનાર વ્યાપારી મિત્રો ઘણા અભિનંદનના અધિકારી છે. આ બુકમાં જ્ઞાતિ ગોત્ર.માતાજીના મઢની વિગત, સંદેશાઓ, વસ્તી વિગત આપવામાં આવેલ છે. જેમાં રુટ પ્રમાણે ગામવાર માહિતી આપવામાં આવી છે જેથી માહિતી જલ્દી મળી શકે.આ બુક હવે સૌને સુલભ બને તે માટે online મૂકવામાં આવી છે .ખરક સમાજ દર્પણ માં પણ આપ પરિવાર દર્પણ વિભાગમાં આ બુક જોઈ શકો છો.આવું રૂડું કામ કરનાર પૂરી ટીમને. ખૂબ ખૂબ અભિનંદન.

## અમરેલી : ખરક જ્ઞાતિ દ્વારા એક સ્નેહમિલન

અમરેલી ખરક જ્ઞાતિ અમરેલી દ્વારા એક સ્નેહમિલન રાખવામાં આવ્યું જેમાં સમસ્ત અમરેલી જિલ્લામાં રહેતા વેપારીઓ, નોકરીયાતો , ડોક્ટર્સ તથા વિદ્યાર્થી તેમજ બહેનો તથા બાળકોએ હાજરી આપી.

શરૂઆતમાં સૌએ પોતાનો પરિચય આપ્યો. ત્યારબાદ સમસ્ત ખરક જ્ઞાતિ અમરેલીના વિવિધ હોદ્દેદારોની સર્વ સંમતિથી નિમણૂક કરવામાં આવી જેમાં
(1) ડૉ.હરેશભાઈ બાલાભાઈ સેતા (ગુંદરણા) પ્રમુખ
(2) શ્રી મેહુલકુમાર રાઘવભાઈ કાપડિયા (મોરચંદ) મંત્રી
તરીકે જવાબદારી સોંપવામાં આવી ત્યારબાદ સૌએ સાથે ભોજન લીધું.આગામી સ્નેહ મિલન આવતા વરસે 4/1/26ના રાખવાનું નક્કી કરાયું.

**ખરક સમાજ દર્પણ**
**જાહેરાતના દર**

| | |
|---|---|
| આખું પેઇઝ | 1000/- |
| અડધું પેઇઝ | 600/- |
| 1/4 પેઇઝ | 300/- |
| અભિનંદન | 100/- |
| શ્રદ્ધાંજલિ | 100/- |

તંત્રી : આનંદ સેતા | કાર્યાલય : ૩૭, મહાલક્ષ્મી, વી.ટી.નગર, મહુવા - ૩૬૪ ૨૯૦. E-mail : kharaksamajdarpan@gmail.com | Mo. 99254 87956

## તમારા બાળકનું બેઝીક લેવલ કેવું છે ?

**શું નીચે આપેલા બધાજ પોઈન્ટ આપના બાળકને આવડે છે ?**

| | | |
|---|---|---|
| સરવાળા + | સાદા | પોઈન્ટવાળા |
| બાદબાકી - | સાદા | પોઈન્ટવાળા |
| ગુણાકાર X | સાદા | પોઈન્ટવાળા |
| ભાગાકાર % | સાદા | પોઈન્ટવાળા |

- ગુજરાતી વાંચન આરોહ / અવરોહ સાથે
- હિન્દી વાંચન આરોહ / અવરોહ સાથે
- લખાણમાં ચોક્કસતા (સાદા અક્ષરો)
- અંક ગણિતનું સંપૂર્ણ જ્ઞાન
- માનસીક યોગ્યતા વાળી તાર્કિક પ્રવૃત્તિઓ

ખૂબ સારૂ છે... તો જો હા... તો ઓજ શૈક્ષણિક સંકુલની સાથે સાથે બાલાચડી પરીક્ષાની પ્રોપર તૈયારી કરીએ.

સારૂ છે... તો તો ચાલો ઓજ શૈક્ષણિક સંકુલની પરીક્ષાની પ્રોપર તૈયારી કરીએ.

જો આપ વાલીશ્રી આપના બાળકને આ પરીક્ષા અપાવવા માંગતા હોય તો અમારી સંસ્થાની એક મુલાકાત ચોક્કસ લો

### ધો.1 થી ઓજ શૈક્ષણિક સંકુલ પરીક્ષાની
# તૈયારી શા માટે ?

- ધો.1 ઓજ શૈક્ષણિક સંકુલ અભ્યાસક્રમ
- ધો.2 ઓજ શૈક્ષણિક સંકુલ અભ્યાસક્રમ
- ધો.3 ઓજ શૈક્ષણિક સંકુલ અભ્યાસક્રમ
- ધો.4 ઓજ શૈક્ષણિક સંકુલ અભ્યાસક્રમ
- ધો.5 ઓજ શૈક્ષણિક સંકુલ અભ્યાસક્રમ
- ધો.6 ઓજ શૈક્ષણિક સંકુલ અભ્યાસક્રમ
- ધો.7 ઓજ શૈક્ષણિક સંકુલ અભ્યાસક્રમ
- ધો.5 (100 %) અભ્યાસક્રમ+રિવીઝન+ બાલાચડી પરીક્ષાની તૈયારી
- ધો.8 (100 %) અભ્યાસક્રમ + રિવીઝન
- ધો.8 ઓજ શૈક્ષણિક સંકુલ અભ્યાસક્રમ

# ઓજ શૈક્ષણિક સંકુલ-ઠળિયા
**નવોદય અને સૈનિક સ્કૂલ એકેડમી**

બગદાણા રોડ, મું.ઠળિયા, તા.તળાજા, જી.ભાવનગર.








શ્રી ભરતભાઈ ટાઢા
(M.A., B.ed.)
10 વર્ષનો અનુભવ

સંપર્ક : મો. 7383503244/9428183244

ભાવનગર જીલ્લામાં શ્રેષ્ઠ તૈયારી કરાવતું સંકુલ જયા આપના બાળકને યોગ્ય તાલીમ દ્વારા નવોદય માટે તૈયાર કરાય છે.

- ✓ તદ્દન નવી જ પદ્ધતિ દ્વારા જવાહર નવોદય અને સૈનિક બાલાચડીની પરીક્ષાની તૈયારી
- ✓ જવાહર નવોદયમાં ૧૦૦% પાસ થવાની જવાબદારી
- ✓ હોસ્ટેલમાં દરરોજની ૧૨ કલાકની તૈયારી
- ✓ ૧૦૦ થી વધુ ટોપર સોલ્યુશન
- ✓ અનુભવી અને તાલીમ લીધેલા શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવશે.

## ઓજ શૈક્ષણિક સંકુલ વિશે થોડું જાણીએ...

- બોયઝ અને ગર્લ્સ માટે અલગ હોસ્ટેલની સુવિધા, સંપૂર્ણ કેમ્પસ CCTV કેમેરાથી સુસજ્જ
- અભ્યાસ માટે વાંચનાલઇ કુદરતી અને રમણીય વાતાવરણમાં વિશાળ હોસ્ટેલ કેમ્પસ
- અનુભવી અને તાલીમી શિક્ષકગણ, આધુનિક ટેકનોલોજી સાથેનું શિક્ષણ
- વિશાળ પ્લે ગ્રાઉન્ડ, શુધ્ધ અને સાત્વિક ભોજન
- 24 કલાક હોસ્ટેલ કેમ્પસમાં સંચાલકોની ઉપસ્થિતિ

હોસ્ટેલ સુવિધા | વાહન સુવિધા | ફુલ ડે શિક્ષણ

## ઓજ શૈક્ષણિક સંકુલ
## શા માટે !

- ધો.10 બોર્ડમાં સરળતાથી A1 ગ્રેડ મેળવવા તેમજ
- NTSE (સ્કોલરશીપ-2,50,000) પરિક્ષા પાસ કરવા...
- ધો.12 બોર્ડમાં સરળતાથી A1 ગ્રેડ મેળવવા
- ગણિત અને અંગ્રેજી જેવા વિષયમાં માસ્ટરી મેળવવા...
- ત્વરીત, ઝડપી અને યોગ્ય નિર્ણય લેવા...
- 21મી સદીના આધુનિક શિક્ષણ સાથે કદમ મિલાવવા...
- ધો.12 પછી IIT/NIT/AUMS/MBBS તેમજ ગ્રેજ્યુએશન
- પછી UPSC/GPSC પરીક્ષાની પૂર્વ તૈયારી કરવા...



લક્ષ્મણભાઈ ભુત

મો. ૯૪૦૭૨ ૮૨૯૩૦
મો. ૮૬૦૫૨ ૮૨૯૩૦



हिन्दुस्तान पेट्रोलियम

HP

"ચોખ્ખું ઈંધણ, પુરૂમાપ"

# નારાયણ પેટ્રોલિયમ

નેશનલ હાઇવે - ૫૧, હનુમંત હોસ્પિટલની સામે,
મહુવા જી. ભાવનગર.

# NEET - 2024 TOP TEN



**ખોડિફાડ મયુર વિમલેશભાઈ ખાટાભાઈ (કુંભણ)**

**695**

MBBS B.J. Medical Collage અમદાવાદ



**વળિયા આશિષ ભુપતભાઈ બચુભાઈ (ત્રાપજ)**

**651**

MBBS શ્રી એમ.પી.શાહ મે.કોલેજ જામનગર



**કાપડિયા સિધ્ધિ અશોકભાઈ શામજીભાઈ (સાંખડાસર-૨)**

**682**

MBBS B.J. Medical Collage સુરત



**કામળિયા સાગર હિંમતભાઈ નરશીભાઈ (ભાદરા)**

**650**

MBBS GMC-ભાવનગર



**વાળાકી આદિત્ય મુકેશભાઈ ખાટાભાઈ (ભાવનગર)**

**676**

MBBS GMC-ભાવનગર



**કાપડિયા રોહિત બાબુભાઈ ભાચાભાઈ (સુરત)**

**645**

MBBS GMC-ભાવનગર



**સેંતા ધાર્મિક અશોકભાઈ ઘુસાભાઈ (મહુવા)**

**675**

ગવર્મેન્ટ મેડિકલ કોલેજ-વડોદરા



**પટેલિયા ભાવેશ જેરામભાઈ નાનજીભાઈ (તળાજા)**

**644**

MBBS શ્રી એમ.પી.શાહ મે.કોલેજ જામનગર



**વળિયા વિશ્વા શૈલેષભાઈ પાંચાભાઈ (સુરત)**

**653**

MBBS શ્રી એમ.પી.શાહ મે.કોલેજ જામનગર



**કુચા જય રાણાભાઈ રણછોડભાઈ (બપાડા)**

**644**

MBBS GMC-ભાવનગર

## નોટબુક વિતરણ-વાળુકડ




તારીખ 3/6/25 ને મંગળવારના રોજ **શ્રી ખરક જ્ઞાતિ વાળુકડ દ્વારા** ' ખરક જ્ઞાતિ વિદ્યોત્તેજક સમિતિના ' બેનર નીચે ધોરણ 1 થી/12 અને કોલેજના વિદ્યાર્થીઓ માટે રાહત દરે **નોટબુક વિતરણ** કરવામાં આવ્યું. જેમાં ખરક જ્ઞાતિ વાળુકડના **પ્રમુખ શ્રી ધરમશીભાઈ ખોડાભાઈ સોલંકી**ના વરદહસ્તે બાળકોને નોટબુક આપી આ વિતરણની શરૂઆત કરવામાં આવી. બાળકોને સરળતાથી અને સારી નોટબુક ખુબજ રાહાદરે મળી રહે તેઓ પ્રયાસ કરવામાં આવ્યો . જેમાં ધોરણ પ્રમાણે દરેક વિદ્યાર્થીઓને નોટબુકો આપવામાં આવી.

## નોટ વિતરણ : મહુવા

વિદ્યા વર્ધક સમિતિ દ્વારા કુલ ૪૦૦૦૦/- હજાર નોટ બુક બનાવેલ છે જે જ્ઞાતિના તમામ વિદ્યાર્થીઓને રાહત દરે ૨૦/- રૂપિયામાં આપેલ છે જેમાંથી ૨૭૦૦૦/- હજાર નોટ બુક મહુવામાં વિતરણ કરેલ તથા ૬૦૦૦/- નોટ બુક તળાજા શહેરમાં અને ભાવનગર ખરક જ્ઞાતિ કુમાર/કન્યા છાત્રાલયમાં ૭૦૦૦/- નોટ બુકનું વિતરણ કરવામાં આવેલ છે જેને જ્ઞાતિના વિદ્યાર્થી તથા જ્ઞાતિજનોએ આવકારેલ.




# શુભ ઉદ્ઘાટન

## રવિ ઓર્થોપેડિક હોસ્પિટલ-મહુવા



**મહુવા :** ઠળિયા નિવાસી **ટાઢા ગણેશભાઈ ટપુભાઈ ના પુત્ર ડૉ.રવિ જી.ટાઢા** (MBBS D' Ortho (Mumbai) Fljr Flasm ( Mumbai) તથા તેમના જીવન સંગાથી અને ડોક્ટર **ધીરજભાઈ ખોડીફાડ** ના પુત્રી **ડૉ. ઝરણા** આર.ટાઢા (M.B.B.S.,D.P.B.)દ્વારા તારીખ 11/ 5 /25 ના રોજ **રવિ ઓર્થોપેડિક હોસ્પિટલ** નું શુભ ઉદ્ઘાટન જાણીતા ભાગવત **આચાર્ય શરદભાઈ વ્યાસ ધરમપુર (કુંભણ)** તથા બંને ડોક્ટરના માતા પિતાના હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે દીપ પ્રાગટ્ય ડો.બી. ટી . વળીયા સાહેબ, ડો.કનુભાઈ કલસરિયા, ડોક્ટર પી.એસ.ભૂત ડો.ધીરજભાઈ આહીર, ડૉ .જયેશભાઈ શેઠ તથા કલ્યાણભાઈ કે. કામળીયા દ્વારા કરવામાં આવ્યું . આ ઉપરાંત સ્વામી નારાયણ સાધુશ્રી ભક્તિ તનય સ્વામી તથા baps સાધુ પૂ. વિનમ્ર.મુનિસ્વામી તથા ભગત બાપુ તથા મહંતશ્રી રાજુ બાપુ એ ખાસ હાજરી આપી.તો મહુવા તાલુકા ધારાસભ્ય શ્રી શિવાભાઈ ગોહિલ તથા પૂર્વમંત્રી, આર. સી. મકવાણા પણ ઉપસ્થિત રહેલ.

**સ્થળ : ડોક્ટર ધીરજ એમ. ખોડીફાડ સાહેબના દવાખાનાની બાજુમાં, પ્લોટ નંબર 107 ,નુતન નગર કુબેરબાગ, મહુવા .જીલ્લો ભાવનગર**
**સંપર્ક 02844 22 0040, 90 23 42 41 83**

## પરફેક્ટ પેથોલોજી લેબોરેટરી

**ભાવનગર : વલ્લભભાઈ ભોળાણી (ખાટસુર)** તથા **અજયભાઈ કાપડિયા (પાદરગઢ)** દ્વારા પરફેક્ટ પેથોલોજી લેબોરેટરી નું શુભ ઉદ્ઘાટન તારીખ 8/6/25 ના રોજ કરવામાં આવ્યું. સ્થળ પ્લોટ નંબર 14 દેવરાજ નગર 1 નંદકુંવરબા મહિલા કોલેજની બાજુમાં,શહેર ફરતી સડક ભાવનગર સંપર્ક 94 28 41 61 71

## સીતારામ બેટરી હાઉસ-ભાવનગર

ભુભલીના વાતની ભોલાભાઈ રવજીભાઈ કોરડીયા તથા મુકેશભાઇ તથા વિપુલભાઈ તથા વિજયભાઇ દ્વારા **સીતારામ બેટરી હાઉસ** શુભ ઉદ્ઘાટન તા. ૬-૬-૨૦૨૫ ને ભીમ અગિયારસ ના રોજ કરવામાં આવેલ.

સંપર્ક : ૭૫૬૭૩૩૦૭૩૨

સ્થળ : દુ. નં. ૧, વશિષ્ઠ આશ્રમ, તળાજા જકાત નાકા પાસે, ભાવનગર


LIC
Har Pal Aapke Saath
વીમા સખી
बीमा सखी योजना
के द्वारा शुभारंभ
એલ.આઈ.સી. સાથે
"મહિલા વીમા સલાહકાર"
તરીકે જોડાવાની અમૂલ્ય તક
"વીમા સખી"
(મહિલા કરિયર એજન્ટ)
વિશેષ ભરતી યોજના
ભારતની સૌથી મોટી અને સરકારી જીવન વીમા કંપનીમા
મહિલા સલાહકારની ભરતી
વય મર્યાદા : ૧૮ વર્ષપૂર્ણ થી ૭૦ વર્ષ સુધી
લઘુતમ શૈક્ષણીક લાયકાત : ૧૦ ધોરણ પાસ
(ફુલટાઈમ/પાર્ટટાઈમ)
સ્ટાઈપેન્ડ ૩ વર્ષ માટે
• પ્રથમ વર્ષે રૂા.૭૦૦૦ દર મહિને
• બીજા વર્ષે રૂા.૬૦૦૦ દર મહિને
• ત્રીજા વર્ષે રૂા.૫૦૦૦ દર મહિને
આકર્ષક લાભો :
* હાઉસીંગ લોન
* ગ્રુપ ઈન્સ્યોરન્સ
* મેડિકલ ઈન્સ્યોરન્સ
* વિકાસ અધિકારીની ભરતીમાં વિશેષ આરક્ષણ તથા વય મર્યાદામાં પણ છટછાટ*
મહિલા ના નામે એજન્સી લઈને તમે પોતે કામ કરી શકો છો
સંપર્ક- વિપુલભાઈ(9427783903)
ડેવલોપમેન્ટ ઓફિસર, LIC, નીલમબાગ બ્રાન્ચ

# પ્રતિનિધિ ગામે ગામ



## સી.કે. ટાઢા

ઉપ. પ્રમુખ
વેપારી એસોસીએશન ,મહુવા
LAM -PGVCL,મહુવા
મો.9979045045
**પ્રતિનિધિ : મહુવા**

---



## ડૉ. વિનોદ વળીયા

અક્ષર ક્લિનિક 13 જલદીપ પાર્ક,
ક્રિષ્ના એપાર્ટમેન્ટ સામે,
મોચી સમાજની વાડી સામે ,
ખોડિયાર નગર , અમદાવાદ
મો . 9624195046
**પ્રતિનિધિ : બાપુ નગર ,અમદાવાદ**

---



## ડૉ. હરેશભાઈ સેંતા ,

(ઓડિયોલોજીસ્ટ ) કનકેશ્વરી કૃપા,
શેરી નં 7 માણેકપરા ,અમરેલી
મો .9574802508
**પ્રતિનિધિ : અમરેલી**

---



## આણંદભાઈ કામળિયા

શ્રીજી એન્ટર પ્રાઈઝ,વાપી
મો.9427946597
**પ્રતિનિધિ : વાપી**

---



## ગોબરભાઈ ઠંઠ

મો. 9727688311
**પ્રીતિનિધિ : ખંઢેરા**

---



## શૈલષભાઈ પટેલિયા

મ. શિક્ષક : ઉચ્ચતર
માં. શાળા : વાળુકડ,
મો .9824118440,
**પ્રતિનિધિ: વાળુકડ**

# મૃત્યુ નોંધ

રાણીવાડા : કામળિયા કાળીબેન ઘનાભાઈ (૧૦૧) તા.૧/૫/૨૦૨૫
મોરંગી : સુરાણી પાંચીબેન માધાભાઈ (૧૦૭) તા.૨/૫/૨૦૨૫
વાળુકડ : ખોડિફાડ કડવીબેન હિરાભાઈ (૧૧૫) તા.૨/૫/૨૦૨૫
ઠળિયા : ટાઢા દામજીભાઈ બાલાભાઈ (૯૫) તા.૬/૫/૨૦૨૫
રોયલ : સાંગાણી રંભાબેન પરશોત્તમભાઈ (૬૬) તા.૬/૫/૨૦૨૫
મહુવા : વાળાકી પ્રભાબેન ધીરૂભાઈ (૬૩) તા.૬/૫/૨૦૨૫
મહુવા : ભોજાણી નંદુબેન ડાયાભાઈ (૯૫) તા.૧૦/૫/૨૦૨૫
હમીરપરા : સાંગાણી નાથાભાઈ સવજી (૯૫) તા.૧/૫/૨૦૨૫
કુંભણ : ભુત ઘેલાભાઈ ભીખાભાઈ (૫૫) તા.૧૮/૫/૨૦૨૫
ભુંભલી : કંસારા નંદુબેન પરશોત્તમભાઈ (૯૦) તા.૧૯/૫/૨૦૨૫
ઉખરલા : સેંતા જયેશભાઈ નાગજીભાઈ (૨૮) તા.૧૧/૫/૨૦૨૫
દાઠા : ટાઢા પ્રેમજીભાઈ રવજીભાઈ (૬૪) તા.૪/૫/૨૦૨૫
ઠળિયા : ટાઢા ગંગાબેન બાલાભાઈ (૭૩) તા.૨/૫/૨૦૨૫
મહુવા : સુરાણી જશોદાબેન જીવાભાઈ (૯૫) તા.૨૩/૫/૨૦૨૫
ઠળિયા : ટાઢા પ્રકાશભાઈ વલ્લભભાઈ (૨૪) તા.૨૪/૫/૨૦૫
વાળુકડ : ખોડિફાડ શામજીભાઈ મોહનભાઈ (૪૨) તા.૨૪/૫/૨૦૨૫
ભદ્રાવળ-૨ : પરમાર બાલુબેન પુનાભાઈ (૭૫) તા.૨૪/૫/૨૦૨૫
દેવલી : સોલંકી છગનભાઈ જીવાભાઈ (૮૦) તા.૨૬/૫/૨૦૨૫
ભદ્રાવળ : પરમાર વિઠ્ઠલભાઈ ખોડાભાઈ (૫૭) તા.૨૭/૫/૨૦૨૫
મહુવા : ભાલરિયા લીલીબેન કાનજીભાઈ (૪૮) તા.૨૯/૫/૨૦૨૫

**ભદ્રાવળ :** ભૂત પાચીબેન હામાભાઈ (90) તા.12/6/25
**મહુવા:** ભોજાણી પ્રભાબેન મગનભાઈ (70) તા.12/6/25
**તળાજા :** સોલંકી કાજલબેન પ્રદીપભાઈ (30) 13/6/25
**ભાદરા :** જાળીયા ગોદીબેન બાલુભાઈ (101) તા. 13/6/25
**અમદાવાદ :** કાપડિયા વાલજીભાઈ ગણેશભાઈ (85) તા. 13 /6/25
**સાણોદર :** વળીયા ભીખાભાઈ જીવાભાઇ (65) તા. 14/ 6/25
**મહુવા :** સેંતા ચોથોબેન લક્ષ્મણભાઈ (85) તા. 15/6/25
**મહુવા :** સેતા ભાવેશભાઈ ધીરુભાઈ (25) તા. 13/6/25
**વાળુકડ :** પટેલિયા પ્રેમજીભાઈ રાણાભાઇ (59) તા. 20/6/25
**ભાદ્રોડ :** વળીયા બેચરભાઈ આણંદભાઈ (87) તા. 25/6/25

## જ્ઞાતિ ભોજન



જ્ઞાતિ ભોજન મહુવા **સ્વ. પ્રભાબેન ધીરુભાઈ વાળાકી (કળસાર વાળા) (63)** તારીખ 9/ 5/ 25ના રોજ અવસાન પામેલ છે. તેમના ઉત્તર કારજ નિમિતે ધીરુભાઈ રામજીભાઈ વાળાકી તથા રમેશભાઈ ધીરુભાઈ તથા ગોપાલભાઈ ધીરુભાઈ તથા ચેતનભાઈ ધીરુભાઈ દ્વારા તા.19/5/25ના રોજ સોનાવાલા બાગ, મહુવા ખાતે જ્ઞાતિ ભોજન ( નાત ) રાખવામાં આવી.

## આઘાત




અમદાવાદ વિમાન દુર્ઘટના આપણી જ્ઞાતિને પણ દઝાડી ગઈ . મહુવાના સેંતા ધીરુભાઈ કરશનભાઈ ( પટેલ એસ્ટેટ બ્રોકર) ના બંને ડોક્ટર સંતાન પુત્રી **સ્વ.ડો. કાજલબેન પ્રદીપકુમાર સોલંકી (તળાજા)** તથા પુત્ર **સ્વ.ડો. ભાવેશભાઈ ધીરુભાઈ સેંતા** ના અવસાન થયા છે. આ સમાચારથી સમગ્ર ખરક સમાજ આઘાત અનુભવે છે. મૃતકને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પે છે, પરિવાર પર આવેલ આપત્તિ સહન કરવાની ભગવાન શક્તિ આપે તેવી પ્રાર્થના કરે છે.

# 🚨 Attention!

## New Dealers & Distributors Wanted

### 💥 Bulk Buyers / Hardware Retailers – THIS is Your Opportunity!

Dealership Open in Your City – Limited Seats Only!

### 🚰 Be a Part of Rajkot's No.1 CP Bath Fittings & Brass Bib Cocks Manufacturer – KHARAK

Be the Local Face of Global Quality!

### 👉 Ready to Sell What Everyone Wants?

KHARAK Bib Cocks = High Demand + High Profit

Greetings from Rudra Sanitary Ware, the proud manufacturer of KHARAK brand - India's trusted name in 100% BrSBrass CP Batngs and Bib Cocks

We are expanding our reach across India and invinfing dynamic and growth-oriented hardware businesses, sanitary retailers, bulk' buyers, and distributors to become part of our success journey.

**WHY CHOOSE KHARAK?**

- ✅ 100% Brass Quality Products
- ✅ Leak-Free Guarantee
- ✅ 7 Years Warranty
- ✅ ISO (IAF) Certified Manufacturing
- ✅ Export Quality Finish

**OPPORTUNITY FOR:**

- Hardware Wholessalers
- Sanitary Showrooms
- Construction Suppllers
- Plumbing Material Traders
- New Business Entrepreneurrs

## JOIN US AS A DEALER / DISTRIBUTOR

**PAN India Dealership Opportunities Open - LIMITED SEATS ONLY!**

Let us grow together, Be the Face of KHARAK in your district, city, or st.

**CONTACT US:** Rudra Sanitary Ware

Mfg. Opp. Akshar Weght Bridge, Street No. 8,
Atul Industrial Estet, B/h. Metoda, Rajkot - 360 021. (Guj.)
Office : Near Top Top-3 Circle, Talaja Road, Bhavnagar.

+91 99798 48438 / 37
mukesh@rudrabrass.com
www,rudrabrass.com